सत्य मेव जयते

| દાખલ તારીખ | ૨૫/૦૫/૨૦૨૬ | | |
|---|---|---|---|
| રજીસ્ટર તારીખ | ૨૫/૦૫/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૨/૦૬/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૯ |

**રાજકોટના મહે. એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મુકામઃ રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૬૫૮/૨૦૨૬.**
**આંકઃ ૦૮**

**અરજદાર/આરોપી.**

**નરેશ ઉર્ફે સુરેશભાઈ પ્રવીણભાઈ પરમાર,**
ઉ.વ. આ.પુખ્ત , વ્યવસાયઃ ખેતીકામ,
રહે. કેરાળા ગામ રોડ કાંઠે, તા. ગઢડા.
જિલ્લો : બોટાદ.
**(હાલઃ સેન્ટ્રલ જેલ–રાજકોટ.)**

**–// વિરૂધ્ધ //–**

**સામાવાળા.**

**(૧) શ્રી સરકાર.**
**(૨) મુળ ફરીયાદી**

**બાબત: બી.એન.એસ.એસ. કલમ ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

**અરજદાર તરફે :– વિધ્વાન વકીલશ્રી આર.એમ.પટગીર.**
**સામાવાળા તરફે :– વિધ્વાન એ.પી.પી. શ્રી એ.એસ.ગોગીયા.**

---

**<u>ચુ કા દો</u>** –

૧. જસદણ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૧૩૦૨૧૨૬૦૩૫૨/૨૦૨૬, બી.એન.એસ.કલમ–૧૩૭(૨), ૭૫(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૮, ૧૮ તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમ એકટની કલમ–3(W)(1), 3(2)(5–A) મુજબના ગુનામાં અરજદાર જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને અરજદારે હાલની આ અરજી બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન પર મુક્ત થવા માટે અત્રેની અદાલતમાં દાખલ કરેલ છે.

૨. આ અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવેલ અને નોટીસ બજતા સામાવાળા/સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી હાજર થયેલા છે તથા તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું રજુ રાખેલ છે. તેમજ મુળ ફરીયાદી પણ હાજર રહેલ છે.

3. અરજદાર તરફે વિદ્ધાન વકિલશ્રીએ દલીલ કરી જણાવે છે કે, અરજદાર/આરોપી નિર્દોષ છે, કહેવાતો કોઇ ગુન્હો કરેલ નથી. અરજદારનો સીધો કે આડકતરી રીતે કોઇ રોલ નથી. અરજદારને ખોટી રીતે સંડોવી દિધેલ છે. આ કામે ફરીયાદ હકીકત જોવામા આવે તો ગાડીમા ભોગબનનારને બેસાડીને લઇ જનાર ગોવિંદ છે. જે ગઢડા મુકામે મુકી દે છે. ભોગબનનાર પુત્રી સાગરને ફોન કરે છે. સુરેશની સાથે મુલાકાત થાય છે અને તેને ઓળખે છે. હાલના આરોપી સાથે બાઇકમાં જાય છે. રાત રોકાય છે અને ભોગબનનારને તેની બહેનપણીના ઘરે મુકવા જાય છે. હાલના આરોપીએ ભોગબનનાર સાથે કાઇ કરેલ નથી. સાત વર્ષની સજાને પાત્ર ગુનો છે. આરોપી કોઇ ગુનાહીત ઈતીહાસ ધરાવતો નથી. મહત્વની

તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. અરજદાર/આરોપી કયાય નાશી ભાગી જાય તેમ નથી. અરજદાર/આરોપી નામદાર કોર્ટ ફરમાવે તે તમામ શરતોનુ પાલન કરવા ખુશી અને તૈયાર છે. જેથી હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

૪. સામાવાળા/સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ ગંભીર પ્રકારનો ગુનો છે. ભોગબનનારની ઉંમર ૧૪ વર્ષ અને ૩ માસ છે. વધુમાં જણાવેલ છે કે, મુળ ફરીયાદી હાજર છે અને તેને પણ આરોપીને જામીન ઉપર મુકત કરવા સામે વાંધો છે. ભોગબનનાર બાળકી સાથે શારીરીક અડપલા કરેલ છે. જન્મનો દાખલો આ કામે રજુ કરવામાં આવેલ છે. ભોગબનનારનુ નિવેદન લેવામાં આવેલ છે. એક આરોપીને અટક કરવાનો બાકી છે. જેથી તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું ધ્યાને લઇ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

૫. બંને પક્ષકારોને સાંભળ્યા, તપાસ કરનાર અમલદારનુ સોગંદનામું વંચાણે લીધુ. આ કામે ૭ વર્ષની સજાને પાત્ર ગુનો છે. ભોગબનનાર તેની મરજીથી આરોપી સાથે બાઇકમાં જાય છે. તેના ઘરે રોકાઇ છે. તેમજ આરોપી તેની બહેનપણીના ઘરે મુકવા જાય છે. હાલના આરોપી સામે શારીરીક અડપલા કર્યાનો આક્ષેપ છે. આરોપીની ભુમીકા અંગે પુરાવો લેવો જરૂરી છે. મોટાભાગની મહત્વની તપાસ પૂર્ણ થઇ ગયેલ છે. ૭ વર્ષની સજાને પાત્ર ગુનો છે. આરોપી કોઇ ગુનાહીત ઈતીહાસ ધરાવતા નથી. આ સંજોગોમાં હાલના અરજદાર/આરોપીનો રોલ તેમજ ફરીયાદ હકીકત ધ્યાને લેતા તથા સજાની જોગવાઇ ધ્યાને લેતા તેમજ તપાસ કરનાર અધિકારીનુ સોગંદનામું જોતા હાલના અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન

ઉપર મુકત કરવાનુ ઉચીત જણાતુ હોય. જેથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-// હુ ક મ //-**

(૧) આ કામના અરજદાર/આરોપી- **નરેશ ઉર્ફે સુરેશભાઇ પ્રવીણભાઇ પરમાર,** રહે. કેરાળા ગામ રોડ કાંઠે, તા. ગઢડા જીલ્લો : બોટાદ વાળાની રાજકોટ શહેર જસદણ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૧૩૦૨૧૨૬૦૩૫૨/૨૦૨૬,બી.એન.એસ.કલમ-૧૩૭(૨), ૭૫(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૮, ૧૮ તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમ એકટની કલમ-3(W)(1), 3(2)(5-A) મુજબના ગુનાના કામની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ- ૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન મેળવવા માટેની પ્રસ્તુત ફોજદારી પરચુ. અરજી નં.**૧૬૫૮/૨૦૨૬** આથી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) આ કામના અરજદાર/આરોપીએ રાજકોટ શહેર જસદણ પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબરઃ ૧૧૨૧૩૦૨૧૨૬૦૩૫૨/૨૦૨૬, બી.એન.એસ.કલમ-૧૩૭(૨), ૭૫(૨) તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ બાબત અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૮, ૧૮ તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતી (અત્યાચાર નિવારણ) અધિનિયમ એકટની કલમ-3(W)(1), 3(2)(5-A) મુજબના ગુનાના કામે આરોપીએ **રૂ૦ ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના સધ્ધર જામીન અને તેટલી જ રકમનો જાતમુચરકો આપ્યેથી તેઓને નીચેની શરતોને આધિન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતોઃ-</u>**

(૧) અરજદાર/આરોપીએ ફરિયાદપક્ષના કેસને નુકશાન થાય તેવું

કોઈ કૃત્ય સીધી કે આડકતરી રીતે કરવું નહિ તેમજ ફરિયાદપક્ષના સાક્ષીઓને ધાક–ધમકી આપવી નહીં કે પુરાવા સાથે ચેડા કરવાની કોશિશ કરવી નહીં.

(૨) અરજદાર/આરોપીએ સુલેહ, શાંતિ જાળવવી અને આવા પ્રકારનો કોઈ ગુનો કરવો નહીં.

(૩) અરજદાર/આરોપીએ અનિવાર્ય સંજોગો સિવાય ટ્રાયલ દરમ્યાન મુદતે અચૂક હાજર રહેવું.

(૪) અરજદાર/આરોપીએ તેઓની સામેનું ચાર્જશીટ થતાં સુધી સંબંધિત પોલીસ સ્ટેશનમાં દર મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં એક વખત પોતાની હાજરી પૂરાવવી.

(૫) અરજદાર/આરોપીએ સદર ગુનાની તપાસના કામે તપાસ કરનાર અમલદારને પૂરતો સાથ–સહકાર આપવો.

(૬) અરજદાર/આરોપીએ અદાલતની પૂર્વ પરવાનગી વિના ગુજરાત રાજયની હદ છોડવી નહીં.

(૭) જો અરજદાર/આરોપી પાસપોર્ટ ધરાવતા હોય તો, તેઓએ જામીન મુકત થયેથી દિન– ૧૦ માં સંબંધિત કોર્ટમાં જમા કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગે સોગંદનામું સંબંધિત કોર્ટમાં રજૂ કરવું.

(૮) અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું

સંબંધિત  કોર્ટમાં જાહેર કરવું.

(૯) અરજદાર/આરોપીએ જામીન સંબંધિત કોર્ટમાં આપવા.

– આ હુકમ અંગે સંબંધકર્તા પોલીસ સ્ટેશનને તેમજ સંબંધિત અદાલતને યાદી કરવી.

હુકમ, આજ તારીખઃ **૧૨મી, માહેઃ જુન, સનેઃ ૨૦૨૬** ના

રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૨/૦૬/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(અશ્વીનકુમાર કે. શાહ)
ઈ/ચા. એડિશનલ સેશન્સ જજ,
રાજકોટ.
(UIC NO.GJ 00663)

*//VVK//*